# સંસ્કૃત સાહિત્યમાં સ્ત્રીઓના અધિકારોનું નિરૂપણ

ડૉ. ભરતભાઇ એમ. તડવી
એસોસીએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ
ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર

વર્તમાન સમયમાં સ્ત્રી-વિષયક અભ્યાસોનું મહત્વ વધી રહ્યું છે, આ દિશામાં ઘણું કાર્ય થયું છે, પરંતુ વર્તમાન ભારતીય સ્ત્રી વર્તમાનની નિર્મિત નથી, એનો એક લાંબાગાળાનો ઇતિહાસ પણ છે. ખરેખર તો આપણા પ્રાચિન ઇતિહાસનો સૌથી મોટો સ્ત્રોત પ્રાચીન સાહિત્ય ગ્રંથો રહ્યા છે. એના આધાર પર ભારતીય ઇતિહાસના વિભિન્ન યુગોનું વર્ગીકરણ કરીને એના સંબંધમાં સમાજનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ સંદર્ભમાં પ્રસ્તુત પેપરમાં સંસ્કૃત સાહિત્યના વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત અને ધાર્મિક સાહિત્યના આધારે સ્ત્રીઓના સ્થાન અને અધિકારોનું સંક્ષેપમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

ભારતીય સમાજના સંદર્ભમાં જોઇએ તો સ્ત્રીઓને સામાજિક, આર્થિક, ધાર્મિક અને રાજનૈતિક ક્ષેત્રોમાં વૈદિક કાળ પૂર્વે અને વૈદિક કાળ દરમિયાન ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થયું હતું. સ્ત્રીઓ પ્રત્યેક ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં સહભાગી બની શકતી. સ્ત્રીઓ વેદોનો અભ્યાસ કરવાનું સ્વાતંત્ર્ય ભોગવતી હતી. (યર્જુર્વેદ : ૩૬.૨)

'ઉપનયન" સંસ્કાર પામીને સ્ત્રીઓને આ અધિકાર પ્રાપ્ત થતો. વૈદિક કાળમાં અનેક વિદુષીઓ થઇ હતી જેઓએ વેદોની ઋચાઓની રચના કરી હતી. મૈત્રેયી, ગાર્ગી, લીલાવતી, સૂર્યા, સાવિત્રી, ઘોષા, કાક્ષીવતી, ઇંદ્રાણી, અદિતિ, વિશ્વારા, શ્રધ્ધા, કામાયનિ, યમી વૈવસ્વતી, દક્ષિણા પ્રજાપ્રાત્યા, દેવજામય, સર્પરાજ્ઞી વગેરે વિદુષિઓનો તેમાં સમાવેશ થાય છે.

વૈદિક સમયમાં પુત્ર-પુત્રીના જન્મ ઉછેર, પાલનપોષણ શિક્ષણમાં ભેદભાવ ન હતો. બાળલગ્નનું પ્રચલન ન હતું. સ્ત્રીઓ સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં પુરૂષોને સાથ આપતી હતી. સ્ત્રી વિના બધા જ વિધિ-વિધાન અપૂર્ણ સમજવામાં આવતા, જેથી તે અર્ધાંગીની કહેવાતી. એટલું જ નહિ સ્ત્રીઓ યુધ્ધમાં પુરુષોને સાથ આપતી હતી. ક્ષત્રિય કન્યાઓને સશસ્ત્ર તેમજ લશકરી તાલિમ આપવામાં આવતી હતી. શાહી કુટુંબમાં સ્વયંવર પ્રથા પ્રચલિત હતી. છુટાછેડા, પુનર્લગ્ન, વૈધવ્ય વગેરેની ખાસ સંજોગોમાં સ્ત્રીઓને છૂટ હતી, કેટલાંક સંજોગોમાં પરિણિત સ્ત્રી નિયોગપ્રથા દ્વારા માતૃત્વ ધારણ કરી શકતી. એટલે કે સ્ત્રીનો પતિ જો નપુંસક હોય, દુર્બળ-અશક્ત હોય ત્યારે તે બીજા પુરુષ સાથેના જાતિય સંબંધ દ્વારા સંતાનને જન્મ આપી શકતી હતી. જો કે મનુસ્મૃતિમાં આ રીતે સ્ત્રીને નિયોગને પશુધર્મ કહ્યો છે.સતી પ્રથા ન હતી. મુંડન કરવાનું દબાણ ન હતું. આ રીતે જોઇએ તો વૈદિક કાળમાં સ્ત્રીઓ સમાજ જીવનના વિભિન્ન ક્ષેત્રોમાં મહત્વના અધિકારો ધરાવતી હતી.

વેદોમાં નારીના ગૌરવને વર્ણન અનેકરીતે થયેલું છે. જેમ કે ગૃહિણીનું જ ઘર છે. (ઋગ્વેદ ૩-૫૩-૪૬) સુશીલ પત્ની, ગૃહલક્ષ્મી છે. (ઋગ્વેદ ૧૦-૩-૫) સ્ત્રી અબળા નહી, સબળા છે. (અર્થવવેદ ૨૦-૧૬-૯) નારી કુટુંબની પાલનહાર છે.(યર્જુર્વેદ ૧૪-૨) વગેરે.

વિવિધ બ્રાહ્મણ ગ્રંથોમાં પણ નારીનું ગૌરવ કરવામાં આવ્યું છે. નારીને બ્રાહ્મણ ગ્રંથોમાં સાવિત્રી કહેવામાં આવે છે. (જૈમિનીય ઉપ. બ્રાહ્મણ ૨૭-૧૦-૧૭) સ્ત્રીઓનું અપમાન નિંદાજનક છે. (સત પથ બ્રાહ્મણ ૧૧-૪-૩-૨)

પત્ની ગૃહલક્ષ્મી જ છે, સાક્ષત શ્રી છે. (તૈતરીય બ્રાહ્મણ ૩-૯-૪-૭) જ્યાં નારીનું પૂજન થાય છે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે. જ્યાં તેનો આદર થતો નથી ત્યાં બધા જ ધર્મ-કર્મ નિષ્ફળ જાય છે. (મનુસ્મૃતિ-૩-૫૬)

જે પોતાના કુટુંબ-કબીલાનું કલ્યાણ ઇચ્છતો હોય તેઓએ હંમેશા સ્ત્રીઓનું સન્માન કરવું જોઇએ. (મનુસ્મૃતિ-૩-૫૬) "સ્ત્રી અને લક્ષ્મી સરખા' એવા ગુણગાન કરતા મનુ કહે છે કે પ્રજાની ઉત્પતિ માટે સ્ત્રીઓ મહાભાગ્યશાળી પૂજાપાત્ર અને ઘરની રોશનીરૂપ છે. જો કે મનુ દ્વારા સ્ત્રીને શારીરિક અને નૈતિક દૃષ્ટિએ દુર્બળ માનવામાં આવી હતી.

રામાયણ અને મહાભારત અને પુરાણોમાં પણ સ્ત્રીઓના અધિકારોનું નિરૂપણ થયેલું જોવા મળે છે. જેમાં રામાયણના પાત્ર સીતાના ચારિત્ર્યને વિશેષ મહત્વ અપાયું છે. સીતાને એક આદર્શ આર્યસ્ત્રીનું સ્થાન પ્રાપ્ત થયું છે. કન્યા જન્મ, કન્યા લગ્ન, કન્યાદાન,